GAP भाषा
A MULTILINGUAL JOURNAL OF RESEARCH
( ISSN – 2582-8770 )
Globally peer-reviewed and open access journal.

# ભગવદ્ ગીતાના ત્રણ આદર્શ પુરુષો - સ્થિતપ્રજ્ઞ, ભકત અને ગુણાતીતનું વિશ્લેષણાત્મક અધ્યયન

પટેલ મીના પ્રકાશકુમાર[1], ડૉ. નેહલ દવે[2]

***સારાંશ***

*શ્રીમદ્ ભગવદ્ ગીતાને દૈવી ગણવામાં આવે છે કારણ કે તેના વક્તા ભગવાન શ્રીકૃષ્ણ સ્વયં દિવ્ય નહીં પરંતુ દિવ્યતિદિવ્ય છે. ભગવદ્ ગીતા એ ભારતની વિશ્વને આપેલી સૌથી અમૂલ્ય ભેટ છે. જેમાં સમગ્ર ઉપનિષદનો સાર સમાવેલ છે. જેમાં ભગવાન કૃષ્ણએ મોક્ષ પ્રાપ્તિ માટેના સાધનો કર્મ, જ્ઞાન અને ભક્તિનું વર્ણન કરેલ છે. ભગવદ્ ગીતામાં અધ્યાય-૨, અધ્યાય-૧૨ અને અધ્યાય-૧૪ માં અનુક્રમે સ્થિતપ્રજ્ઞ, ભક્ત અને ગુણાતીતના લક્ષણો જોવા મળે છે. ભગવદ્ ગીતાના મતે આ ત્રણેય સર્વોચ્ચ આદર્શ ધરાવતા પુરુષ છે. જે દેખીતી રીતે જુદા લાગે પરંતુ તત્વતઃ એક જ છે એમ ગીતામાં કહે છે. જે અનુક્રમે ભગવદ્ ગીતામાં દર્શાવેલ કર્મયોગ, ભક્તિયોગ અને જ્ઞાનયોગના આદર્શ પુરુષ છે.*

## ઉદ્દેશ્ય

આ વિશ્લેષણાત્મક અધ્યયનનો ઉદ્દેશ્ય ભ. ગી. માં દર્શાવેલ ત્રણ આદર્શ પુરુષનું વર્ણન કરી, તેમના ગુણોની ચર્ચા કરી આધુનિક મનુષ્યમાં તેવા વ્યક્તિત્વ પર પ્રકાશ પાડવાનો છે. જે ગુણોનો વિકાસ કરવાથી મોક્ષ માર્ગની પ્રાપ્તિ થઈ શકે છે.

શોધ પ્રકાર:- આ એક વર્ણનાત્મક અધ્યયન છે.

**પ્રસ્તાવના**:- કર્મયોગ, ભક્તિયોગ અને જ્ઞાનયોગમાં યોગ શબ્દ 'યૂજ' એટલે જોડવું ધાતુ પરથી નિષ્પન્ન કરવામાં આવેલ છે. જે ક્રિયા દ્વારા માણસ પરમ તત્વ સાથે જોડાય તેને યોગ કહેવાય. કોઈ પણ પ્રકારના યોગનો આશ્રય લઈ **પરમ તત્વ એટલે કે ઈશ્વર સુધી પહોંચી શકાય.** ભગવાન કૃષ્ણએ ભાગવતમાં કહ્યું છે

योगास्त्रयो मया प्रोक्ता नृणां श्रेयो विधित्सया ।
ज्ञानं कर्म च भक्तिश्च नोपायोऽन्योऽस्ति कुत्रचित् ॥ (ભા.પુ.૧૧-૨૦-૬)

"મનુષ્યના કલ્યાણની ઈચ્છાથી મે જ્ઞાન, કર્મ અને ભક્તિ એમ ત્રણ યોગો કહ્યા છે. આ સિવાય બીજો કોઈ ઉપાય ક્યાંય નથી."

ગીતાની પુષ્પિકામાં 'ब्रह्मविद्यायां योगशास्त्रे' આવા શબ્દો છે. બ્રહ્મવિદ્યા એટલે તત્ત્વજ્ઞાન અને યોગશાસ્ત્ર એટલે જીવનમાં જીવવાની નીતિમત્તાની કળા. કોઈ પણ નીતિમત્તાનો સિધ્ધાંત તત્વજ્ઞાનના પાયા ઉપર જ ટકી શકે છે અને આ વાત ગીતાએ ફક્ત આ બે શબ્દના પ્રયોગથી સિધ્ધ કરી બતાવ્યું છે. ગીતાના ઉપદેશમાં ભગવાને પહેલા આત્માની અમરતાનું તત્ત્વજ્ઞાન આપ્યું અને પછી સમત્વ રાખી નિષ્કામ ભાવે યુદ્ધ કરવાની સલાહ આપી છે. આમ ગીતાનો ઉપદેશ વૈજ્ઞાનિક અને માનસશાસ્ત્રીય સિધ્ધાંતોથી ભરેલો છે. આથી જીવનને વધુ સારું કરવાની ઈચ્છાવાળો કોઈપણ શ્રીમદ્ ભગવદ્ ગીતાને અપનાવી શકે છે.

https://www.gapbhasha.org/

[1] પી.એચડી(અષ્ટાંગયોગ પ્રવાહ), રજીસ્ટ્રેશન નં. AY2021080106, લકુલીશ યોગ યુનિવર્સિટી,અમદાવાદ
[2] એસોસિયેટ પ્રોફેસર, વિભાગાધ્યક્ષ, યોગ અને માનવિકી, લકુલીશ યોગ યુનિવર્સિટી,અમદાવાદ

GRAND ACADEMIC PORTAL
RESEARCH JOURNALS

GAP भाषा
A MULTILINGUAL JOURNAL OF RESEARCH
( ISSN – 2582-8770 )
Globally peer-reviewed and open access journal.

ज्ञान: अध्ययन: परम्परा

## સ્થિતપ્રજ્ઞ

સ્થિતપ્રજ્ઞએ ભ.ગી.નો ખાસ શબ્દ છે. ગીતામાં વર્ણવેલ ભકત, જ્ઞાની, ગુણાતીત એ બધાનું વર્ણન ઉપનિષદોમાં પણ જોવા મળે છે. પરંતુ સ્થિતપ્રજ્ઞનું દર્શન ફકત ગીતામાં જ જોવા મળે છે. સ્થિતપ્રજ્ઞનું વર્ણન એ બીજા અધ્યાયનું 'નવનીત' છે. સ્થિતપ્રજ્ઞનું વર્ણન કરીને ભગવાન પ્રસન્ન થયા છે. ભગવાનનું હૃદય આ શ્લોકો પાછળ રહેલું છે. ગીતાકારને એ માન્ય છે કે સ્થિતપ્રજ્ઞ પ્રત્યક્ષમાં હોઈ શકે. આથી અર્જુનને પ્રશ્ન છે કે પ્રત્યક્ષ દેખાતો સ્થિતપ્રજ્ઞ કેવો હોય છે અને તે કેવી રીતે રહે છે.(ભ. ગી.૨-..). અહીં ભગવાન પોતે ભગવાનના થવાનો અને પછી આગળ વધીને સ્વયં ભગવાન થવાનો રસ્તો પણ બતાવે છે. ભગવાન એવો કીમિયો બતાવે છે કે જીવ પોતે ભગવાન જ થઈ જાય. ભગવાન જોડે 'સમત્વ' આવે ત્યારે જીવ સાચા અર્થમાં યોગી થયો કહેવાય. 'समाधावचला बुद्धिस्तदा योगमवाप्स्यसि' (ભ.ગી. ૨-૫૩).સમાધિમાં જ્યારે પરમાત્માના સ્વરૂપમાં તારી બુધ્ધિ અચલ બનશે ત્યારે તું યોગ-જોડાણ પામીશ.

અર્જુનનો પ્રશ્ન છે આવી સ્થિતિ થાય ત્યારે જીવ આ જગતમાં કેવી રીતે રહી શકે? તેથી અર્જુન આવા જીવના લક્ષણો વિષે ભગવાનને પ્રશ્ન પૂછે છે. સ્થિતપ્રજ્ઞ એ ભગવાનના લાડકા દિકરાનું વર્ણન છે. ભગવાન સ્થિતપ્રજ્ઞ પર પ્રેમનો અભિષેક કરે છે અને સ્થિતપ્રજ્ઞ લોકો ઉપર જ્ઞાનનો અભિષેક કરે છે. સ્થિતપ્રજ્ઞના શ્લોકોનું મહત્વ અલૌકિક અને લોકોત્તર છે. સ્થિતપ્રજ્ઞનું વર્ણન બીજા અધ્યાયમાં શ્લોક ૫૫ થી ૭૨ સુધીમાં કુલ ૧૮ શ્લોકોમાં કરવામાં આવેલ છે. જેને વિદ્વાનો ભ.ગી.નો સાર માને છે.

ભગવાન કહે છે જયારે મનુષ્ય મનમાં રહેલી બધી જ કામનાઓને ત્યજી દે છે અને આત્માથી આત્મામાં જ સંતુષ્ટ રહે તો તે સ્થિતપ્રજ્ઞ કહેવાય. ચકની માફક સુખ અને દુઃખ જીવનમાં આવ્યા કરે છે. તેમાં જે દુ:ખમાં ઉદ્વેગ ન પામે અને સુખમાં છકી ના જાય તે, અને જે 'वीतरागभयक्रोध' છે એટલે કે જે રાગ અને ભયથી મુક્ત હોય અને જે ક્રોધરહિત છે તે સ્થિતપ્રજ્ઞ છે. આમ, જગતના સુખ-દુઃખની વચ્ચે પણ જેનું મન વ્યથિત થતું નથી. જે શુભ મળે તો તેનું અભિનંદન ના કરે અને અશુભ મળે તો દ્વેષ ના કરે તેની પ્રજ્ઞા પ્રતિષ્ઠિત થાય છે, તેની પ્રજ્ઞા સ્થિર થઈ છે. આમ, સ્થિતપ્રજ્ઞની બુધ્ધિ સ્થિર હોય છે. આમ, જે વિષયોની સાથે ઈન્દ્રિયોનો સંયોગ થવા છતાં વિચલિત થતો નથી તે સ્થિતપ્રજ્ઞ છે. આપણી ઈન્દ્રિયો મનનું મંથન કરી નાખનારી છે. તેને સંયમમાં રાખે તેની બુધ્ધિ સ્થિર થઈ કહેવાય છે. જેમ કાચબો પોતાના અંગોને સમેટી લે છે તેમ સ્થિતપ્રજ્ઞ ઈન્દ્રીયોને તેના વિષયોમાંથી પાછી વાળી સંયમમાં રાખે છે. ભ. ગી.માં કહે છે નિરાહારી પુરુષના વિષય જલ્દી નિવૃત્ત થાય છે પરંતુ તેનો વિષયો પ્રત્યેનો રાગ તો નિવૃત્ત નથી થતો. પરંતુ જયારે તેને પરમદ્રષ્ટા(પરમાત્મા)નો સાક્ષાત્કાર થવાથી તે આસકિત પણ છૂટી જાય છે. 'रसवर्जं रसोऽप्यस्य परं दृष्ट्वा निवर्तते' (ભ.ગી.૨-૫૯) આમ, ચિત્તના આશ્રયરૂપ પરમેશ્વરમાં મનને સ્થિર કરવાથી મન વિષયાસકિતરહિત થવાથી ઈન્દ્રિયોને વશમાં કરી શકાય છે અને પછી તે મન આત્મસાક્ષાત્કાર કરવા માટે સમર્થ બને છે. અહીં રામાનુજાચાર્ય કહે છે 'यथाग्निरुद्धतशिखः कक्षं दहति सानिलः । तथा चित्तस्थितो विष्णु- योगिनां सर्वकिल्बिषम् ॥' (वि० पु० ६। ७। ७४) (રા. ભા. ૨-૬૧) જેમ ઉંચી જવાળાઓ વાળો પ્રજવલિત અગ્નિ વાયુનો સાથ પામીને ઘાસના પૂંજને બાળી નાંખે છે. તેવી જ રીતે યોગીના હૃદયમાં રહેલા ભગવાન વિષ્ણુ બધાં જ પાપોના સમૂહને બાળી નાંખે છે. પછીના બે શ્લોકમાં વિષયોનું ધ્યાન કરવાથી કેવી રીતે સર્વનાશ થાય છે તે સમજવાતા કહે છે. વિષયોનું ધ્યાન કરવાવાળા પુરુષની તે વિષયો પ્રત્યે આસકિત થઈ જાય છે. આસક્તિથી કામ ઉત્પન્ન થાય છે અને કામનાની પૂર્તિના થવાથી ક્રોધ ઉત્પન્ન થાય છે અને ક્રોધના કારણે અવિવેક ઉત્પન્ન થતાં સંમોહ(સારા-નરસાનો વિવેક ના રહેવો) થવાથી સ્મૃતિનો નાશ થાય છે અને સ્મૃતિનો નાશ થતાં આત્મકાર ચિત્તવૃત્તિરૂપ બુધ્ધિનો નાશ થાય છે અને બુધ્ધિનો નાશ થવાથી પુરુષ નાશ પામે છે અને સંસાર સાગરમાં ડૂબી અધોગતિ પામે છે. (ભ.ગી.૨- ૬૨,૬૩)

પરંતુ જેણે પોતાના મનને વશમાં રાખ્યું છે તેવો રાગ-દ્વેષથી રહિત પુરુષ પોતાના વશમાં કરેલી ઈન્દ્રિયો દ્વારા વિષયોને ભોગવવા છતાં પણ અંતઃકરણની નિર્મળતાને પામે છે અને પ્રસાદને પ્રાપ્ત થાય છે એટલે કે રામાનુજાચાર્ય કહે છે 'निर्मलान्तःकरणो भवति'(રા. ભા.૨-૬૪) તેનું અંતઃકરણ નિર્મળ થઈ જાય છે. આવી રીતે નિર્મલ અંતઃકરણ થવાથી સમસ્ત દુઃખોનો નાશ થાય છે. કારણ કે પ્રસન્નચિત્તવાળા પુરુષની બુધ્ધિ જલ્દી સ્થિર થઈ જાય છે અને પ્રસન્નચિત્તવાળાની બુધ્ધિ 'मयि पर्यवतिष्ठते' એટલે કે આત્મવિષયક બુધ્ધિ મારામાં અર્થાત ભગવાનમાં સંપૂર્ણ રીતે

https://www.gapbhasha.org/

GAP भाषा
A MULTILINGUAL JOURNAL OF RESEARCH
( ISSN – 2582-8770 )
Globally peer-reviewed and open access journal.

સ્થિર થાય છે. એમ કહે છે. અહીં શંકરાચાર્ય કહે છે 'प्रसादः प्रसन्नता स्वास्थ्यम्'(શાં. ભા.૨-૬૪) પ્રસાદ એટલે પ્રસન્નતા અથવા ચિત્તનું સ્વાસ્થ્ય મેળવે છે. અને તેના દ્વારા 'पर्यवतिष्ठते आकाशम् इव परि समन्ताद् अवतिष्ठते आत्मस्वरूपेण एव निश्चलीभवति'(શાં. ભા.૨-૬૫) સ્વસ્થ અંતઃકરણવાળા પુરુષની બુધ્ધિ આકાશની જેમ ચારેબાજુએથી સ્થિર થઈ જાય છે, આત્મરૂપ નિશ્ચલ બની જાય છે. પછીના શ્લોકમાં કહે છે મારામાં મન સ્થાપિત ના કરનાર પુરુષની બુધ્ધિ (આત્મવિષયક) નથી બનતી અને અયુકત પુરુષની (આત્મવિષયક) ભાવના હોતી નથી અને ભાવનારહિતને શાંતિ નથી અને અશાન્તને વળી સુખ કેવું મળે? 'अशान्तस्य कुतः सुखम्' અહીં વિનોબાજી 'ભાવના' શબ્દનો અર્થ સમજાવતા કહે છે - युक्ति, बुद्धि, भावना, शांति और आत्मसुख, व्यक्ति और समाज के जीवन के पांच सर्वोत्तम मूल्य कार्य-कारण-भाव के रूप में इस श्लोक में ग्रथित है। विनोबा. (વિનોબા,૧૯૯૪,પૃ ૬૭)

આથી જેણે બધી જ બાજુથી ઈન્દ્રીયો પર કાબૂ મેળવ્યો છે તેથી પ્રજ્ઞા સ્થિર થાય છે. શ્રી રામાનુજાચાર્ય કહે છે કે જે આત્મવિષયક બુધ્ધિ સમસ્ત પ્રાણીઓ માટે રાત્રિ છે – રાતની જેમ પ્રકાશરહિત છે એ આત્મવિષયક બુધ્ધિમાં નિર્મળ મનવાળો ઈન્દ્રિયસંયમી પુરુષ જાગે છે –આત્મસાક્ષાત્કાર કરે છે અને શબ્દાદિ વગેરે વિષયોમાં આસકત બુધ્ધિમાં સમસ્ત પ્રાણીઓ જાગે છે તે શબ્દાદિ વિષયોમાં લાગેલી બુધ્ધિ મુનિઓ માટે રાત્રિની જેમ પ્રકાશરહિત હોય છે. અને જે પુરુષ ઈન્દ્રિયો ધ્વારા શબ્દાદિ વગેરે વિષયોનું સેવન કરવામાં આવે કે ન આવે તો પણ આત્મદર્શનમાં સદા તૃપ્ત રહેવાના કારણે વિકાર પામતો નથી એ જ શાંતિ પ્રાપ્ત કરે છે અને ભોગોની કામના કરનાર કયારેય શાંતિને પ્રાપ્ત કરતો નથી. જેમ સમુદ્રમાં અનેક નદીઓનું જળ પ્રવેશે છે છતાં અચલ રહે છે તેમ જે પુરુષમાં બધા જ ભોગ વિકાર ઉત્પન્ન કર્યા સિવાઈ સમાઈ જાય છે તે શાંતિ પામે છે. આમ, બધી જ કામનાઓ ત્યજીને નિસ્પૃહ બનીને તેમજ મમતા અને અહંકાર રહિત જે બને છે તે શાંતિ પામે છે અને આ સ્થિતિ બ્રાહ્મી સ્થિતિ છે, જે પ્રાપ્ત થયા પછી મનુષ્ય મોહ પામતો નથી અને અંતકાળમાં આ સ્થિતિમાં સ્થિત થઈ બ્રહ્મનિર્વાણ પામે છે. રામાનુજાચાર્ય મુજબ 'निर्वाणमयं ब्रह्म गच्छति' એટલે નિર્વાણ બ્રહ્મને શાંતિમય બ્રહ્મને મેળવે છે. અર્થાત એકતાન સુખ સ્વરૂપ આત્માને પ્રાપ્ત કરે છે. શંકરાચાર્ય મુજબ બ્રહ્મનિર્વાણ એટલે 'ब्रह्मनिर्वाणं ब्रह्मनिर्वृतिं मोक्षं ऋच्छति' બ્રહ્મમાં લીન થવું એવો મોક્ષલાભ પ્રાપ્ત કરે છે એટલે કે જન્મમરણરહિત બ્રહ્મસુખ પામે છે.

આમ, જેણે ઈન્દ્રિયો ઉપર સંપૂર્ણ કાબૂ મેળવેલ છે જેણે જ્ઞાન અને પ્રજ્ઞા વડે આત્મામાં બુધ્ધિ સ્થિર કરી છે, જે સ્પૃહારહિત, મમતારહિત, અહંકારરિહત છે, જે તૃષ્ણા વિના, ફળની અપેક્ષા વિના કર્મો કરે છે, જે સુખ-દુઃખમાં સમ છે, આનંદ, ભય, ક્રોધ અને ચંચળતાથી મુકત છે તે સ્થિતપ્રજ્ઞ છે. જેને માટે નિંદા કે પ્રશંસા એકસમાન છે, જે સંતોષી છે, અહંકારરહિત છે તેવો સ્થિતપ્રજ્ઞ બ્રહ્મવેતા જ્ઞાની સંસારના સર્વ દુઃખોની નિવૃત્તિરૂપ મોક્ષ નામની પરમશાંતિને પ્રાપ્ત કરે છે.

## ભકત

ભ.ગી.નો બારમો અધ્યાય ભકિતયોગ છે જેમાં ભકિતની શ્રેષ્ઠતા, ભકતના લક્ષણો કહેવામાં આવેલ છે.

જે પરમ શ્રધ્ધાથી યુકત થઈ મારામાં મન લગાવીને નિત્ય મારી જ ઉપાસના કરે છે તેને હું યુકતમ માનું છું તે મને સુખપૂર્વક પ્રાપ્ત કરે છે. આમ, વ્યકત કે અવ્યકતની ઉપાસના કરનારા ભકતોનો મૃત્યુરૂપી સંસાર સાગરમાંથી હું ઉધ્ધાર કરું છું તેમજ જે સર્વત્ર સમબુધ્ધિ રાખી સર્વભૂતોના હિતમાં રત રહેનારા પણ મને–પરમાત્માને જ પ્રાપ્ત કરે છે. આમ, ભ.ગી. બધાના માટે સરળ રસ્તો બતાવે છે. ભગવાન અર્જુનને કહે છે તું તારું મન અને બુધ્ધિ મારામાં જ લગાવ પછી તું મારામાં જ પ્રવેશ કરીશ એમા કોઈ સંશય નથી. ભગવાન આગળ કહે છે જો તું મારામાં ચિત્ત સ્થિરતાપૂર્વક સ્થાપન કરવામાં અસમર્થ હોય તો અભ્યાસયોગ દ્વારા મારી પ્રાપ્તિ કર. શંકરાચાર્ય કહે છે અભ્યાસ યોગ એટલે चित्तस्य एकस्मिन् आलम्बने सर्वतः समाहृत्य पुनः पुनः स्थापनम् अभ्यासः तत्पूर्वको योगः समाधानलक्षणः तेन अभ्यासयोगेन (શાં. ભા. ૧૨-૯) ચિત્તને બધી તરફથી ખેંચી એક અવલંબનમાં ફરી ફરી સ્થાપિત કરવું તે અભ્યાસ છે અને તે અભ્યાસપૂર્વક સમાધાન એટલે ચિત્તને એકાગ્ર કરવારૂપ જે યોગ તેનું નામ અભ્યાસયોગ છે. સમાધાન અર્થાત્ પ્રભુમાં ચિત્તને સમ્યક્ સારી રીતે આધાન(મૂકવું) એવો યોગ. (પટેલ, ૨૦૨૨,પૃ.નં.૧૨૦). પતંજલિયોગસૂત્રમાં ચિત્તનો નિરોધ કરવા માટેના ઉપાયોમાં કહેવાયું છે अभ्यासवैराग्याभ्यां तन्निरोधः॥(પા.યો.દ.૧-૧૨) તે જ પ્રમાણે અહીં કહેવાયું છે.

https://www.gapbhasha.org/

અધ્યાય-૬માં પણ ધ્યાન યોગ માટે એ જ વાત કરી છે. अभ्यासेन तु कौन्तेय वैराग्येण च गृह्यते ॥(ભ.ગી.૬-૩૫) બારમાં અધ્યાયમાં શ્લોક ૧૩ થી ૧૯ સુધીમાં ભકતના ૩૩ લક્ષણોનું વર્ણન કરવામાં આવેલ છે.

સર્વભૂતોનો દ્વેષ ન કરનારો, મિત્ર ભાવવાળો, કરૂણામય, મમતારહિત, અહંકારરહિત, સુખ-દુઃખમાં સમાન, ક્ષમાવાળો, હંમેશા સંતોષી, આત્માને વશમાં રાખવાવાળો, ઈન્દ્રિયનિગ્રહી, દૃઢ નિશ્ચયવાળો, મારામાં અર્પણ કરેલા મનબુધ્ધિવાળો મારો ભકત જે છે તે મને પ્રિય છે. કોઈપણ પ્રાણી જેનાથી ઉદ્વેગ પામતા નથી, અને જે પ્રાણીઓથી ઉદ્વેગ પામતો નથી, જે હર્ષ, અદેખાઈ, ભય અને ઉદ્વેગથી મુકત છે, અપેક્ષા વિનાનો, પવિત્ર, કાર્યકુશળ, ઉદાસીન, વ્યથારહિત, સર્વ આરંભનો પરિત્યાગ કરનાર, જે હર્ષ અને દ્વેષથી પર છે, શોકરહિત, આકાંક્ષારહિત, શુભ અને અશુભનો ત્યાગ કરનાર, ભકિતમાન, શત્રુ તથા મિત્રમાં સમાનવૃત્તિવાળો, માન-અપમાન, ઠંડી-ગરમી કે સુખ-દુઃખમાં સમત્વ રાખનાર, સર્વત્ર સંગરહિત, આસક્તિરહિત છે, નિંદા—સ્તુતિ જેના માટે સમાન છે, મૌન ધારણ કરનારો, સંતોષી, આશ્રય વિનાનો, સ્થિર બુધ્ધિવાળો અને ભકિતમાન એવો પુરુષ ભગવાનને પ્રિય છે.

ભગવાન અંતમાં આને 'धर्म्यामृत' કહે છે. જેનો અર્થ રામાનુજાચાર્ય મુજબ 'धर्म्यं च अमृतं च 'इति' धर्म्यामृतं'' . જે ધર્મ(ધર્માનુકૂલ) પણ હોય અને અમૃત પણ એટલે 'धर्म्यामृतं' કહેવાય. શંકરાચાર્ય કહે છે 'धर्माद् अनपेतं धर्म्यं च तद् अमृतं च तद् अमृतत्वहेतुत्वाद्' ધર્મયુકત એવું અમૃત એટલે કે અમર થવાનું કારણ અર્થાત્ તે ધર્મથી ઓતપ્રોત છે અને અમૃતત્ત્વનો હેતુ હોવાથી અમૃત પણ છે. આમ, જે ભકતના ગુણોનું વર્ણન અહીં કરવામાં આવેલ છે તે ધર્મરૂપી સાગરના મંથનમાંથી ઉત્પન્ન થયેલ અમૃતસમાન છે.

## ત્રિગુણાણીત

ચૌદમાં અધ્યાયમાં ભગવાને સત્વ, રજસ અને તમસ એમ ત્રણે ગુણોની ચર્ચા કરી છે. આ ત્રણે ગુણો દેહી એટલે આત્માને દેહમાં બાંધે છે અને ભગવાને જયારે આ ત્રણેય ગુણોથી પર થવાનું કહ્યું ત્યારે અર્જુને પૂછ્યું કે આ ત્રણેય ગુણોથી પર થયેલો પુરુષ કયા ચિહ્નોથી જાણી શકાય છે, તે કેવા આચારવાળો હોય છે અને કયા ઉપાયોથી આ ગુણોથી પર થઈ શકાય છે? (ભ.ગી.૧૪-૨૧) ત્યારે ભગવાને ચાર શ્લોકોમાં ત્રિગુણાતીતના લક્ષણોનું વર્ણન કર્યું.

જે મનુષ્ય ગુણાતીત છે તે સર્વ ગુણોના કાર્ય- સત્ત્વથી પ્રકાશ, રજથી પ્રવૃત્તિ અને તમથી મોહ વગેરે પ્રવૃત્ત થયા હોય તો પણ દ્વેષ કરતો નથી અને તેમાંથી નિવૃત્તિની આકાંક્ષા કરતો નથી અને નિવૃત્ત થયેલા ગુણોની પ્રવૃત્તિ કે કાર્યની ઈચ્છા કરતો નથી(ભ.ગી.૧૪-૨૨) ગુણાતીતના આ લક્ષણો છે. હવે 'ગુણાતીત' પુરુષનો આચાર કેવો હોય છે તે દર્શાવતા ભગવાન કહે છે- ઉદાસીનની જેમ સ્થિર રહેલો જે ગુણોથી ચલાયમાન થતો નથી અને ગુણો ગુણોમાં વર્તે છે એમ સમજીને જે આત્મનિમગ્ન સ્થિતિમાં રહે છે, સ્થિર રહે છે તે ચેષ્ટા કરતો નથી કે વિકાર પામતો નથી તે ગુણાતીત કહેવાય છે(ભ.ગી. ૧૪-૨૩). તે અવિચળ ભાવથી સ્વરૂપમાં સ્થિત રહે છે તેમજ તે સુખ અને દુઃખમાં સમાન છે, જે સ્વસ્થ છે, માટી, પત્થર અને સોનું જેના માટે સમાન છે. પ્રિય અને અપ્રિયમાં સમાન છે, જે ધીર એટલે કે બુધ્ધિમાન છે જે નિંદા કે સ્તુતિ, માન-અપમાન મિત્ર અને શત્રુ જેના માટે એકસમાન છે તેમજ જેણે બધા જ આરંભનો પરિત્યાગ કર્યો છે તે ગુણાતીત છે.

## ઉપસંહાર

આમ, બીજા અધ્યાયમાં સ્થિતપ્રજ્ઞના લક્ષણો, બારમા અધ્યાયમાં ભકતના લક્ષણો અને ચૌદમા અધ્યાયમાં ત્રિગુણાતીતના લક્ષણોમાં ઘણી સામ્યતા જોવા મળે છે અને ઘણા વિશેષણો તો એકના એક જ વપરાયા છે. આ ત્રણેય પુરુષો અહંત્વ કે મમત્વરહિત છે, સંતોષી છે અને તેમની બુધ્ધિ સ્થિર છે. સ્થિતપ્રજ્ઞ પણ ભકત છે અને ત્રિગુણાતીત પણ અવ્યભિચારીણી ભકિતથી ભગવાનને ભજે છે. ત્રિગુણાતીત ગુણોથી યુકત સંસારથી લેપાતો નથી તેવી જ રીતે સ્થિતપ્રજ્ઞ પણ સંસારના વિષયોમાં લેપાતો નથી. તેણે બ્રાહ્મી સ્થિતિ પ્રાપ્ત કરેલ છે અને ભકતે પણ ઈશ્વરમાં મન અને બુધ્ધિ અર્પણ કરેલ છે. બીજા અધ્યાયમાં ભગવાને અર્જુનને ત્રિગુણાતીત થવાનું કહ્યું છે. 'निस्त्रैगुण्यो भवार्जुन' (ભ.ગી.૨-૪૫) હે અર્જુન, તુ ત્રણે ગુણોથી રહિત બન.

https://www.gapbhasha.org/

## નિષ્કર્ષ

આમ, સ્થિતપ્રજ્ઞ, ભકત અને ત્રિગુણાતીત એ ત્રણેય ભગવદ્ ગીતાના શ્રેષ્ઠ પુરુષો છે. આ ત્રણેય પુરુષો નિસ્પૃહી અને સર્વારંભ પરિત્યાગી છે. સુખ-દુઃખ, માન-અપમાન વગેરે દ્વન્દ્વોમાં એકસમાન સર્વભૂતો પ્રત્યે એકસમાન મૈત્રીભાવવાળા હોય છે. આમ,આ ત્રણેય પુરુષો એકસમાન માનસિક અવસ્થા ધારણ કરેલા હોય છે.

## સંદર્ભ સૂચિ

[1] ગોયન્દકા, હરિકૃષ્ણદાસ. શ્રીમદ્ભગવદગીતા શાંકરભાષ્ય. ગીતાપ્રેસ,ગોરખપુર. સં.૨૦૭૫.

[2] ગોયન્દકા, હરિકૃષ્ણદાસ. શ્રીમદ્ભગવદગીતા શ્રીરામાનુજ-ભાષ્ય. ગીતાપ્રેસ,ગોરખપુર.સં.૨૦૭૮.

[3] પટેલ, ગૌતમ. શ્રીમદ્ભગવદગીતાભાષ્ય. લકુલીશ યોગ યુનિવર્સિટી, છારોડી. ૨૦૨૨.

[4] પાંડુરંગ શાસ્ત્રી આઠવલેના પ્રવચન આધારે, બિલ્વપત્ર. સદવિચાર દર્શન, મુંબઈ. ૧૯૮૬.

[5] અદ્વૈતાનંદજી, સ્વામી. ભગવદ્ગીતા–તત્ત્વદર્શન. સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, મુંબઈ. ૧૯૮૪.

[6] વિનોબા. ગીતા-પ્રવચન. પરંધામ પ્રકાશન, પવનાર. ૨૦૨૨.

[7] વ્યાસ, રામકૃષ્ણ. પતંજલિના યોગસૂત્રો. સંસ્કૃત સાહિત્ય અકાદમી, ગાંધીનગર.૨૦૧૮.

[8] Tripathi, S., & Sharma, K. (2024). THE BHAGAVAD GITA: A TIMELESS GUIDE TO ETHICAL LIVING AND PERSONAL GROWTH THROUGH KNOWLEDGE AND ENLIGHTENMENT. *Divyayatan - A Journal of Lakulish Yoga University*, *1*(3), 23-27. https://doi.org/10.69919/2014ks1011